નગરના મુખ્ય ગ-માર્ગ પર સાંજ ઢળતા જ અંધારપટ્ટ

ગાંધીનગર સમાચાર



ચોમાસું આવે એટલે ગંદકી પણ લાવે તેવું કહેવાય છે. જોકે હજુ ચોમાસુ વિધિસર આવ્યું નથી છતાં સરગાસણ ગામના પ્રવેશે ગંદકી ફેલાવા પામી છે. આ ગંદકી આ વિસ્તારની ગટરો ઉભરાવાના કારણે ફેલાઈ છે જેના લીધે અહીં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધવાની અને રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થવા પામી છે. સત્વરે તંત્ર દ્વારા આ ગટરો સાફ કરી ગંદકીનો નિકાલ કરાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# આંગણવાડીના ૫૨૦૦ બાળકો કુપોષણથી પિડાય છે

## જિલ્લાની વિવિધ આંગણવાડીના ૫૦૦૦થી વધુ બાળકો કુપોષણથી પીડાવાના અહેવાલો : તંત્ર સતર્ક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં અભ્યાસ કરતા ૫૨૦૩ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. જેમાં ૬૭૨ રેડ ઝોનમાં છે તો ૪૫૩૧ યલો ઝોનમાં છે. આ બાળકો હવે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને દત્તક આપી કુપોષણ મુક્તિનું અભિયાન છેડવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કુપોષણને નાબુદ કરવાના અભિયાનના ભાગરૂપે આ વખતે કુપોષિત બાળકોને તંત્રના અધિકારીઓ દત્તક લેવાના છે. આ માટેના વિધિવત હૂકમો પણ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. ૧૦૦થી વધુ અધિકારીઓને આ અંગેની જવાબદારી સોંપવામાં આવી છે.

જિલ્લાની એક હજારથી વધુ આંગણવાડી કેન્દ્રોમાં ૭૦ હજાર જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. જૂન અંતિત તંત્રના સત્તાવાર આંકડા પ્રમાણે ૫૨૦૩ બાળકો કુપોષણથી પિડાઈ રહ્યાનું ધ્યાને આવ્યું છે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત દહેગામ તાલુકામાં આયુર્વેદ બિસ્કીટનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકાયો હતો. જેના સારા પરિણામો પણ મળ્યા હતા.

આ વર્ષે પણ કરાયેલા સર્વેમાં ૫૨૦૩ બાળકો કુપોષણથી પિડાતા હોવાનું ધ્યાને આવતાં જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આવા બાળકો અધિકારીઓને દત્તક આપવા માટેનું સૂચન કર્યું હતું.

જિલ્લામાં કુપોષણ માટે આરોગ્ય તંત્ર દ્વારા પણ અલગથી સર્વે ચાલી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૦ થી ૫ વર્ષની વય ધરાવતા બાળકોની સંખ્યા ૧ લાખ ૪૫ હજાર જેટલી હોવાનો અંદાજ છે. આરોગ્ય તંત્ર દ્વારા આ અંગે ૫૦ ટકાથી વધુ બાળકોને અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આંગણવાડી કેન્દ્રોમાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.

# ઈન્દ્રોડા સર્કલથી શાહુપર સુધીના સર્વિસ રોડ પર દુવિધાઓનુ દંગલ

## સ્ટ્રીટ લાઈટની સુવિધાના અભાવે અંધારુ,વરસાદી પાણીનો ભરાવો રખડતી ગાયોનો ત્રાસ, શૈક્ષણિક સંકુલો તેમજ વિદ્યાર્થી હોસ્ટેલ હોવાથી વિદ્યાર્થીઓ પરેશાન

ગાંધીનગર તા ૯

ઈન્દ્રોડા સર્કલથી શાહપુર ચોકડી તરફ જવાના માર્ગ દુવિધાઓનુ કેન્દ્ર સ્થાન બની ગયો છે. આ વિસ્તારમાં શૈક્ષણિક સંકુલ સાથે સ્ટુન્ડ હોસ્ટેલો ધમધમતી હોવાછતા પાયાની સુવિધાઓનો અભાવ વર્તાય છે. સર્વિસ રોડ પર સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ્ટ છવાઈ જતા વિદ્યાર્થીઓએ હેરાનગતિ વેઠવી પડે છે. જયારે વરસાદી ઋતુમાં પાણીનો નિકાલ ન થતા જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. રખડતી નીલગાયનો ત્રાસ પણ વધી ગયો છે.

શહેરના પ્રવેશદ્વાર સમા વિસ્તારમાં જ દુવિધાઓ મંડરાતા શૈક્ષણિક સંકુલ આસપાસનો વિસ્તાર સમસ્યાઓથી ઘેરાયેલો છે. ઈન્દ્રોડા સર્કલથી શાહુપર ચોકડી તરફ જવાના માર્ગ પર જમણાં હાથે સર્વિસ રોડ પર કોલેજ ઉપરાંત વિદ્યાર્થી હોસ્ટેલ કાર્યરત છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાની સાથે હોસ્ટેલમાં રહે છે. જયારે એન આઈ સી એમ કોલેજ પાસેથી પસાર થતા સર્વિસ રોડ પર સ્ટ્રીટલાઈટના અભાવે અંધારુ છવાયેલુ રહે છે. વિદ્યાર્થીઓ દ્વારા આ મામલે મહાનગરપાલિકાના તંત્રને પણ સ્ટ્રીટ લાઈટના પોલ્સ નાંખવા માટે રજુઆત કરવામાં આવી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. બીજીતરફ વરસાદી દિવસોમાં આ રોડ પર પાણીનો ભરાવો થતા જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. જયારે નીલગાયનો ત્રાસ પણ વધી જતા વારંવાર અકસ્માતો સર્જાય છે. આવા સંજોગોમાં સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા થાય તો વિદ્યાર્થીઓની હાલાકીનો અંત આવે તેમ પણ વિદ્યાર્થીઓએ રજુઆતમાં જણાંવ્યુ છે. ઘ-૦ થી ઈન્ફોસિટી તરફ જવાના સર્વિસ રોડ પર પણ સ્ટ્રીટ લાઈટો ન હોવાથી સમગ્ર વિસ્તારમાં અંધારાનુ સામ્રાજય છવાઈ જાય છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ગોઠવાય તેમજ સ્ટ્રીટ લાઈટની સમસ્યા પણ હલ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# વરસાદ પડુ પડુ થાય છે, પણ...

## છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો ઘેરાયા છે પરંતુ વરસાદ ન પડતા નિરાશા

ગાંધીનગર, તા. ૯

શહેરમાં મોડી સાંજે અમી છાંટણાની જેમ વરસાદના છાંટા પડ્યા હતા. માર્ગો ભીંજાયા હતા. પરંતુ કોણ જાણે કેમ વરસાદ હાથતાળી આપી અને શહેર પરથી પસાર થઈ ગયો હોય એમ અનુભવાતું હતું.

જોકે હવામાન વિભાગ આજકાલ ભારે વરસાદની આગાહી કરે છે. જ્યોતિષ શાસ્ત્રીઓ પણ ગ્રહ યોગના આધારે આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની આગાહી કરે છે.

ગત આખુ અઠવાડિયુ વરસાદ વિના કોરૂ ગયા બાદ છેલ્લા બે દિવસથી પુનઃ વરસાદની આશા બંધાઈ છે. આકાશ ખુબ ગોરંભાયુ છે પરંતુ વરસાદ પડતો નથી. હમણા વરસાદ પડશે હમણા વરસાદ પડશે એવુ લાગી રહ્યુ છે પરંતુ વરસાદ પડતો નથી.

મધ્યપ્રદેશ અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે-ત્રણ દિવસથી સારો વરસાદ પડી રહ્યો છે. ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં પણ વાદળો આકાશમાં ઘેરાયા છે પરંતુ વરસાદ પડતો નથી. એટલા બધા વાદળો આકાશમાં ઘેરાયેલા છે કે એવુ લાગે છે કે હમણા વરસાદ પડશે પરંતુ વરસાદ પડતો નથી. શહેરીજનોએ આજે આખો દિવસ આકાશ તરફ મીટ માંડી હતી અને વરસાદની રાહ જોઈ હતી. પરંતુ છેક સાંજ સુધી વરસાદ પડ્યો ન હતો. ગાંધીનગરાઓ વરસાદની રાહ જોઈ જોઈ થાકી ગયા હતા.



આકાશમાં વાદળો ઘેરાતા ગરમી અને બફારો ખુબ વધ્યો હતો. પંખાની નીચે પણ પરસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. ઘરની બહાર નીકળવુ હોય તો સખત બફારામાં બફાઈ જવાની તૈયારી રાખવી પડતી હતી. માત્ર એસી જ થોડીક રાહત આપી શકતુ હતુ. હવામાન વિભાગ અને અન્ય સ્ત્રોતો ભારે વરસાદની આગાહી કરી રહ્યા છે પરંતુ તે જાણે ગાંધીનગર માટે લાગુ પડતી હોય તેમ જણાતુ નથી. માત્ર એક જ દિવસ વરસાદનો આનંદ માણી શકેલા નગરજનો પુનઃ સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

વરસાદ પડે તો ઠંડક થાય અને ગરમીથી છુટકારો મળી શકે છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૫ ટકા અને સાંજે ૬૧ ટકા રહ્યુ હતુ.

# નગરના મુખ્ય ગ-માર્ગ પર સાંજ ઢળતા જ અંધારપટ્ટ

## સ્ટ્રીટ લાઇટ ડુલ : રહીશો ભયભીત : સેક્ટરોના આંતરિક માર્ગ સાથે મુખ્ય માર્ગો પર પણ અંધારુ છવાયુ

ગાંધીનગર તા ૯

શહેરના ગ માર્ગ પર ગ-૦ થી ગ - દોઢ વચ્ચે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સંપુર્ણ અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. ગ માર્ગ પર આસપાસના વિસ્તારમાં સ્થિત નવા સેકટરોના લીધે રાત્રિના સમયે પણ વાહનોની વિશેષ અવરજવર રહે છે. જયારે રાત્રિના વોકીંગ કરવા નિકળતા સેકટરવાસીઓના લીધે પણ અંધારપટ્ટ વચ્ચે ભયની લાગણી અનુભવે છે.

શેહરના સેકટરોમાં છાશવારે સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. વરસાદી ઋતુમાં સેકટરોમાં આંતરિક વિસ્તારોમાં પણ લાઈટો ડુલ થઈ જતા રહીશોએ અંધારપટ્ટ વચ્ચે પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. તંત્ર દ્વારા ચોમાસાના દિવસો દરમિયાન સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટો અંગેનો સર્વે હાથ ધરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આમછતા સેકટરોમાં ઘણાં ઠેકાણે બંધ સ્ટ્રીટ લાઈટો હજુ ચાલુ થઈ નથી. ત્યારે શહેરના મુખ્ય માર્ગો પર પણ ગમે ત્યારે લાઈટો ડુલ થઈ જતા અંધારુ છવાઈ જાય છે. હમણાં નગરના મુખ્ય ગ માર્ગની હાલત પણ આવી જ છે. શહેરના ગ માર્ગ પર ગ-૦ થી ગ-દોઢ વચ્ચે સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જતા અંધારુ છવાઈ ગયુ છે.

સાંજ ઢળતા જ આ વિસ્તારમાં અંધારપટ્ટ છવાઈ જતા આસાપાસના સેકટર ૩ અને ૪ માં રહેતા રહીશોએ મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. આ વિસ્તારમાં અંદાજિત ૧૦૦ જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ બંધ છે. જેના પરિણામે રાત્રિના સમયે ગ માર્ગ પર વોકીંગમાં જતી મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ પણ ભયની લાગણી અનુભવે છે. નવા સેકટરો સાથે જોડાયેલા ગ માર્ગ પર ત્વરિત સ્ટ્રીટ લાઈટો શરૂ થાય તે માટે પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.




પ્રતિક હડતાલ - રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીના ઘરે ઘરકામ કરતાં-કરતાં પેટ્રોલ પંપનો કર્મચારી ઈજા પામતા કર્મચારીઓમાં ભારે રોષ પ્રવર્ત્યો હતો... કલ્પતરુ ફિલીંગ સ્ટેશનના કર્મચારીઓએ શનિવારે પ્રતિક હડતાલ પાડી અધિકારીઓના વલણનો પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો...

# દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૯

દક્ષિણ ગુજરાતમાં ભારે થી અતિ ભારે વરસાદની આગાહીના પગલે એલર્ટ આપવામાં આવ્યું છે અને જિલ્લાના અધિકારીઓને જિલ્લા મથકો નહી છોડવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અપર એર સરક્યુલેશન સિસ્ટમ ગુજરાત તરફ આવી રહ્યું હોઈ તેના કારણે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

આ આગાહીના પગલે દક્ષિણ ગુજરાતમાં એલર્ટ આપવામાં આવ્યું છે અને જિલ્લાના અધિકારીઓને જિલ્લા મથક નહી છોડવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

# રાજ્યમાં સારા વરસાદ માટે હજુ પણ વધુ રાહ જોવી પડશે

## આવનારા ત્રણ દિવસમાં હળવો વરસાદ થઇ શકે : રાજ્યમાં જુલાઈના ૧૦ દિવસ જેટલો સમય પસાર થઇ ગયો હોવા છતાં વાવણી લાયક વરસાદ ન વરસતા ચિંતા

અમદાવાદ,તા. ૯

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે તેવી મેઘરાજાની સવારી હજુ પુરેપુરી આવવામાં ત્રણથી ચાર દિવસનો સમય લાગશે. હાલ પુરતું હવામાન વિભાગના જણાવ્યા મુજબ હજુ ત્રણથી ચાર દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ અંગેની વિગત એવી છે કે, રાજ્યમાં સામાન્યરીતે ૧૫ જૂનથી ચોમાસાની સિઝન શરૂ થઈ જતી હોવાનું સરકારી પરિભાષા મુજબ દર વર્ષે જાહેર કરવામાં આવતું હોય છે પરંતુ આ વખતે જૂન મહિનો પસાર થઈ ગયો છે અને જુલાઈના પણ ૧૦ દિવસ પસાર થઈ ગયા છે. આમ છતાં હજુ સુધી રાજ્યમાં જોઈએ તેટલા પ્રમાણમાં વરસાદ વરસ્યો નથી. રાજ્યમાં હવામાન વિભાગના સુત્રો તરફથી મળેલી માહિતી મુજબ પહેલી જૂનથી આજ દિન સુધીમાં ૬૯.૨ મીમી જેટલો વરસાદ વરસ્યો છે. સામાન્યરીતે આ સમય ગાળા દરમિયાન જે વરસાદ પડવો જોઈએ તેની સામે ૧૦૯.૬ મીમી જેટલો વરસાદ ઓછો વરસ્યો છે. છેલ્લા ઘણા સમયથી રાજયમાં અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વાદળો બંધાય છે અને એવો આશાવાદ લોકોમાં જાગે છે કે હમણા વરસાદ વરસી પડશે પરંતુ અમદાવાદ જિલ્લા સિવાય રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અમરેલી આસપાસના કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર કહી શકાય તેવો વરસાદ વરસ્યો છે પછી હજુ સુધી રાજ્યના કોઈ વિસ્તારમાં ચોમાસાએ જમાવટ કરી નથી. જેને લઈને રાજ્યના લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

Walk in Interview
આપના વિસ્તારમાં
ભારત સરકાર દ્વારા માન્ય, પ્રતિષ્ઠિત કંપની માટે :
- શું તમે એક ઉજ્જવળ કારકિર્દીની શોધમાં છો ?
- શું તમને નથી લાગતું કે વધતી મોંઘવારીની સામે તમારા પરિવારને દર મહિને એક Extra Incomeની જરૂર છે ?
જોઈએ છે
- પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ ● અનુભવી / બિનઅનુભવી ● Male/Female
- ઉંમર : ૨૫-૬૫ વર્ષ ● શૈક્ષણિક લાયકાત : H.S.C. & Graduate
- ગૃહિણીઓ માટે પણ ખાસ તક ● રીટાયર્ડ વ્યક્તિ માટે
- તાલીમ સાથે દર મહિને ફિક્સ સ્ટાઈપેન્ડ (Stipend) પણ આપવામાં આવશે.
મો. : ૯૯૦૯૨ ૮૮૫૮૧

ગાંધીનગરના પાદરે જૂજ ફ્લેટ અને ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers
SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com